ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૫ ટકા
ગાંધીનગર તાપમાન

### ગોવા ખાતે યોજાયેલ ઈન્ડિયન હીપહોપ ડાન્સ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરનું

# મેગી રોકર્સ ડાન્સ ગૃપ રાષ્ટ્રીયકક્ષાએ ત્રીજા સ્થાને

### હવે વિશ્વકક્ષાની હીપહોપ ઈન્ટરનેશનલમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે : અત્યાર સુધીમાં ૪૮ ડાન્સ સ્પર્ધામાં ભાગ લીધો છે

ગાંધીનગર, તા.૧૪

સપનાને કોઈ સીમા નથી હોતી. અબ્દુલ કલામે કહ્યું છે કે, સપનું એવું હોવું જોઈએ કે જે જોયા પછી એ તમને સુવા જ ન દે. એટલે કે જયાં સુધી તમે સફળતા ન મેળવો ત્યાં સુધી આગેકૂચ કરતા રહો. આજ વાતમાં માનતા ગાંધીનગરના રહેવાસી અભિરાજસિંહ ઝાલા ઉર્ફે મેગી જે હાલમાં જ ગોવામાં યોજાયેલ ઈન્ડિયન હીપહોપ ડાન્સ ચેમ્પિયનશીપમાં પોતાની ટીમ એમઆરડીસી (મેગી રોકર્સ ડાન્સ ગૃપ) સાથે બ્રોન્ઝ જીતીને આવ્યા છે. જે ગાંધીનગરનું ગૌરવ છે. હવે આ સ્પર્ધા બાદ તેઓ વર્લ્ડ લેવલ ડાન્સ સ્પર્ધા હીપહોપ ઈન્ટરનેશનલમાં ગુજરાત (ગાંધીનગર)ને રીપ્રેઝન્ટ કરશે.

ગાંધીનગરમાં જ રહેતા અને હાલમાં એમઆરડીસી (મેગી રોકર્સ ડાન્સ ગૃપ) નામે ડાન્સ કલાસીસ ચલાવતા અભિરાજસિંહ ઝાલા ઉર્ફે મેગી નાનપણથી જ ગરબા ક્ષેત્રે તો આગળ હતા જ અને ૧૪ વર્ષની







ઉંમરથી જ તેઓ આ ક્ષેત્રમાં જોડાઈ ગયા છે. સાથે સાથે તેમણે ટીવી ધારાવાહિક સાઈબાબામાં પણ કામ કર્યું છે. આ ઉપરાંત ફિલ્મોમાં બેકગ્રાઉન્ડ ડાન્સર રહી ચુકેલા મેગીએ અનેક રીયાલિટી શૉમાં પણ ભાગ લીધો છે. ડીઆઈડી-૫માં ટોપ ૨૦૦ સુધી પહોંચેલા મેગીએ અત્યાર સુધી આશરે અડતાલીસ જેટલી ડાન્સ સ્પર્ધામાં પોતે અને પોતાના ગ્રુપ સાથે ભાગ લીધો છે અને દરેક સ્પર્ધામાં તેઓ એક થી ત્રણ નંબરમાં જ જતીને આવ્યા છે.

મેગી એ ૨૦૧૩ આસપાસ પોતાના પ્રથમ ડાન્સ કલાસમાં ૩ બાળકોને શીખવાડવાથી શરૂઆત કરી હતી. આજે તેમની ટીમમાં ૭૫૦થી વધુ સભ્યો છે તથા આજ સુધી તેમણે પાંચ હજારથી વધુને ડાન્સની તાલીમ આપી છે. તેમણે મુન્ના માઈકલ, ઈન્ડિયા બનેગા મંચ, ડીઆઈડી-૫ જેવા ડાન્સ રીયાલીટી શૉમાં પણ ઓડીશન આપ્યું છે તથા ભાગ લીધો છે. આ ઉપરાંત તેમના આઠ જેટલા વિદ્યાર્થીઓ પણ રીયાલીટી શૉમાં ભાગ લઈ ચુકયા છે. મેગી માટે પ્રેરણા રૂપ ફિલ્મ-એબીસીડી ફેમ ધર્મેશ સર અને રેમો ડીસોઝા છે. તેમની સાથે મુંબઈમાં કામ કરવાનો લ્હાવો મળે તો મેગી કયારેય ચૂકતા નથી. હાલમાં મેગી ગાંધીનગરમાં પોતાના ડાન્સ કલાસ ચલાવે છે અને તેઓ ડાન્સ થીઅરી પણ શીખવાડે છે. સાથે સાથે હાલમાં તેઓ રેમો ડિસોઝાના આસિસ્ટન્ટ જીતસિંગ સાથે બોલીવુડ ડાન્સ ફોમ શીખવાડી રહ્યા છે. તેઓએ આજ સુધી પાંચસોથી વધુ સંગીત સેરેમનીમાં ડાન્સ કોરિયોગ્રાફી કરી છે અને તેઓ ગાંધીનગરની જાણીતી એજયુકેશન ઈન્સ્ટિટયુટ આઈઆઈટી, પીડીપીયુ, ધીરુભાઈ અંબાણી, ગણપત યુનિવર્સિટી, કડી સર્વ વિદ્યાલય તથા ઝેવિયર્સમાં ડાન્સ કોરિયોગ્રાફર તરીકે જોડાયેલા છે.

ફેસબુકમાં પાંચ હજારથી વધુ ફોલોઅર્સ ધરાવતા ગાંધીનગરના મેગી અને તેમની ટીમ એમઆરડીસી (મેગી રોકર્સ ડાન્સ ગૃપ) હાલમાં જ ગોવામાં યોજાયેલ ઈન્ડિયન હીપહોપ ડાન્સ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ જીતીને આવ્યા છે. આ સિધ્ધિ માટે તેઓ ગાંધીનગર પરત ફરતા જ ગાંધીનગરવાસીઓ દ્વારા ધામધૂમથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

મેગીના જણાવ્યા મુજબ તેમના માતા ગરબા આર્ટીસ્ટ છે. પ્રાચીન, અર્વાચીન દરેક પ્રકારના ગરબા તેઓ પરફોર્મ કરી ચુકયા છે. કહેવાય છે ને કે મોરના ઈંડા ચીતરવા ન પડે! મેગીના પિતા નિવૃત્ત સરકારી કર્મચારી છે. મેગીના પિતાનું સપનું તેને સરકારી ઓફિસર બનાવવાનું હતું પરંતુ મેગીને ડાન્સ ક્ષેત્રે આગળ વધી કાંઈક કરી બતાવવું હતું. કોલેજકાળમાં એક વાર ડાન્સ માટે પોતાનું ઘર પણ છોડી ચુકેલા મેગી કહે છે કે, સપનાને કોઈ સીમા નથી સપના જોશો તો જ એ સાકાર થશે. એક ગરબા આર્ટીસ્ટ પણ હીપહોપ કરી શકે છે કયારેય કોઈ સીમા ન બાંધવી જોઈએ. હું ઈચ્છું છું કે ગાંધીનગર પણ ડાન્સ ક્ષેત્ર માટે વધુ સમજ કેળવે અને ધીરજ રાખી મહેનત કરશું તો મહેનતનું ફળ મળશે જ.

## મેડીકલ કોલેજના ફીઝીયોલોજી ડિપાર્ટમેન્ટમાં લેબ ટેકનીશીયન સમયસર ના આવતા દર્દીઓમાં રોષ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મેડીકલ કોલેજમાં પ્રથમ માળે આવેલ ફીઝીયોલોજી વિભાગમાં લેબ ટેકનીશીયન સમયસર નહી આવતા દર્દીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. લેબ ટેકનીશીયનને પગલે દર્દીઓને કલાકો સુધી બેસી રહેવાનો વારો આવે છે. જયારે કેટલાક દર્દીઓ કંટાળીને જતા રહે છે. ત્યારે નોકરી એ સમયસર ન આવતા ટેકનીશીયનને પગલે ફીઝીયોલોજી વિભાગની લેબ હોતી હૈ ચલતી હૈ ની જેમ ચાલી રહી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં ડોકટરની અછત વર્તાઈ રહી છે. ડોકટરોની અછતને પગલે દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સેવાઓ પણ કથળી રહી છે. ત્યારે ઓપીડી બિલ્ડીંગમાં ડોકટરોની અછતને પગલે જુનીયર અને સિનિયર રેસીડન્ટ ડોકટર ફરજ બજાવી રહ્યા છે. દર્દીઓને ફેફસાની બિમારીને પગલે પીએફટી અને એનસીવી ટેસ્ટ કરવા માટે કહેવામાં આવે છે. આ ટેસ્ટ થોડા સમય પહેલા ગણતરીના દિવસે જ થતો હોય છે. તો બીજીતરફ હવે આ ટેસ્ટ મેડીકલ કોલેજના ફીઝીયોલોજી ડિપાર્ટમેન્ટમાં દરરોજ કરવામા આવે છે. જેને પગલે દર્દીઓ સવારના ૯ કલાકથી લાઈનમાં ટેસ્ટ માટે બેસી જાય છે. આ ટેસ્ટ અમરનાથ દર્શનાર્થે જતા યાત્રિકોને પણ કરાવવાનો હોય છે. જેથી આ ટેસ્ટ માટે ધસારો વધુ રહેતો હોય છે. ત્યારે સવારના ૯ ના સ્થાને ૧૧ વાગ્યા પછી ટેસ્ટ શરુ થાય છે. જેથી દર્દીઓ હેરાન પરેશાન થઈ જાય છે. જયારે દર્દીઓને ૧૧ વાગ્યે આવજો તેમ પણ કહેવામાં આવે છે.જયારે દુરથી સારવાર માટે આવેલા દર્દીઓ ટેસ્ટ વિના પરત ફરે છે. ત્યારે સમયસર ના આવતા ટેકનીશીયનને પગલે દર્દીઓને થતી હેરાન ગતિનો કાયમી ઉકેલ આવે તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

## દિવ્ય ઓઝાએ ઉનેવાળ બ્રાહ્મણ સમાજનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષામાં જાહેર થયેલ પરિણામમાં બી ગ્રુપ પરીક્ષામાં શેઠ સી.એમ. હાઈસ્કુલ અને હાયર સેકન્ડરીમાં મદદનીશ શિક્ષિકા વિજ્ઞાનપ્રવાહ બાયોલોજી વિષયના શીતલબેન દિનકરરાય ત્રિવેદી તથા ઈકોનોમિકસ ટાઈમ્સના કોપી એડિટર દેવકૃષ્ણ ઓઝાના સુપુત્ર દિવ્ય એ ૯૯.૯૧ પર્સેન્ટાઈલ અને ૯૦.૧૪ ટકા ગુણ પ્રાપ્ત કરીને ઉનેવાળ બ્રાહ્મણ સમાજનું ગૌરવ વધાર્યું છે.



ગુજકેટ પરીક્ષામાં ૮૯.૭૫ ટકા અને ૯૭.૭૯ પર્સન્ટાઈલ ગુણ મેળવેલ છે. નીટ પરીક્ષામાં પણ ૫૩૦ ઉચ્ચ સ્કોરની અપેક્ષા છે. મેડિકલમાં પ્રવેશ મેળવી તબીબી ક્ષેત્રે કારકિર્દી વધારવા ઈચ્છે છે. દિવ્યને પરિવાર, સમાજ અને શાળા પરવારે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવેલ છે.

## સે-૨૭માં દારૂની મહેફીલ માણતા ૩ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત રાજયમાં દારુબંધી માત્ર કાગળ પર હોય તેવું લાગી રહ્યું છે. રાજયના પાટનગરમાં પણ દારૂડીયાઓને દારુ સરળતાથી મળી રહે છે. ત્યારે ડીએસપી કચેરીથી માત્ર ગણતરીના અંતરે દારુની મહેફીલ માણતા ૩ નબીરાઓને એલસીબી-૨ એ ઝડપી પાડ્યા છે. એલસીબી પોલીસે ૧૪ બીયરના ટીન, ત્રણ મોબાઈલ અને મોંઘીદાટ કાર મળીને કુલ રૂ. ૮,૦૯,૭૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ પીધેલા નબીરા અને દારુનો સપ્લાય કરનાર મળી કુલ-૪ શખ્સો સામે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પો.કો.સજ્જાદઅલીને બાતમી મળી હતી કે સકટર-૨૭ પોલીસ ચોકીની પાછળ આવેલા શોપિંગ સેન્ટર પાસે કેટલાક શખ્સો કારમાં દારુની મહેફીલ માણી રહ્યા છે.જેને પગલે એલસીબી-૨ પોલીસે રેઈડ કરતા એસ ક્રોસ કાર નં.જી.જે.૧૮. બી.ઈ.૮૧૯૬ માંથી સેકટર-૨૭ ના નબીરા પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. પીધેલા નબીરામાં સંદીપકુમાર જીતેન્દ્રભાઈ પટેલ મકાન નં.૬૬૪ એકતા કોલોની, ધવલ દિનેશભાઈ પટેલ મ.નં.૧૩૦૦ શીવમ સોસાયટી તથા નિસર્ગ પ્રકાશભાઈ રાવલ રહે.સ્વસ્તિક સોસાયટીનો સમાવેશ થાય છે. પોલીસને કારમાંથી બિયરના ટીન નંગ-૧૪ મળી આવ્યા હતા. જે અંગે પુછતાછ કરતા સેકટર-૨૭ ખાતે રહેતો જ સચિન પટેલ નામના શખ્સે દારુનો જથ્થો આપી ગયો હોવાનું ધ્યાને આવ્યું છે. એલસીબી પોલીસે બિયરના ટીન નં.૧૪ કિં.રૂ.૧૪૦૦, રૂ. ૮ લાખની એસક્રોસ કાર અને ૩ મોબાઈલ મળી કુલ રૂ. ૮,૦૯,૭૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે ચારેય ઈસમો વિરુધ્ધ સે-૨૧ પોલીસ મથકે ગુનો દાખલ કરાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વીપીએમપી પોલીટેકનિકના કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૫૪ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન વીપીએમપી પોલીટેકનીક કોલેજમાં જુદી જુદી વિદ્યાશાખામાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા હતા. જેમાં ૫૪ વિદ્યાર્થીઓનું જોબ પ્લેસમેન્ટ થવા પામ્યું છે. આ જોબ પ્લેસમેન્ટમાં વિદ્યાર્થીઓને રૂ. ૨.૮૨ લાખ સુધીના વાર્ષિક પેકેજ ઓફર કરવામાં આવ્યા છે. જોબ પ્લેસમેન્ટ માટે સંસ્થામાં વિવિધ કોર્પોરેટ કંપનીઓ સામેલ થઈ હતી. જેમાં ડાઈકીનએર કન્ડિશ્નીંગ, મધરસન સુમી સિસ્ટમ્સ, જહોન ડીપર, કિલોસ્કર બ્રધર્સ, એસ્સાર સ્ટીલ, હાઈલેક્ષ ઈન્ડિયા, રાદડિયા એન્જીનીયરીંગ વગેરેનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓને પ્રથમ સેમેસ્ટરથી જોબ પ્લેસમેન્ટને અનુલક્ષીને ટેકનિકલ ટેસ્ટ સહિતના વિવિધ કૌશલ્યની તાલીમ સંસ્થા દ્વારા આપવામાં આવે છે.

## છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપીને એસઓજીએ પકડી પાડ્યો

અમદાવાદના સેટેલાઈટ પોલીસ મથકમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એસઓજીએ પકડી પાડ્યો છે. એસઓજી ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે અ.હે.કો રાજેશકુમાર ગણેશભાઈને બાતમી મળી હતી. જેને પગલે એપોલો સર્કલથી આરોપી મનીષકુમાર બાબુભાઈ પટેલ( રહે.હરિવલ્લભ સોસાયટી નરોડા)ને દબોચી લીધો હતો. એસઓજી એ આરોપીની અટક કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આગામી વરસાદી સીઝનમાં વૃક્ષોના ખાલી પડેલા કયારામાં નવા વૃક્ષોનું વાવેતર કરવા માંગ

### છેલ્લા ત્રણેક વર્ષમાં વાવાઝોડા-ઝંઝાવાતી વરસાદમાં અનેક વૃક્ષો પડી ગયા હતા : કેટલાક વૃક્ષોને સુકાઈ જવાથી જોખમી બનતા હટાવવા પડયા હતા : શહેરમાં ખાલી પડેલા કયારાની સંખ્યા નોંધપાત્ર



ગાંધીનગર, તા.૧૪

જેમ જેમ ઉનાળાની ગરમીનો પારો વધતો જાય છે તેમ તેમ શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં વિકાસના નામે વૃક્ષોના આડેધડ કઢાતા નિકંદન અંગે રોષ વધતો જાય છે. આ સાથે શહેરમાં આવનારી વરસાદી સીઝનમાં વધુને વધુ વૃક્ષોનું વાવેતર કરાય તે માટેની માંગ બળવત્તર બનતી જાય છે. જો કે વનતંત્ર દ્વારા તો દરેક સીઝનમાં સરકારી આયોજન મુજબ વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે પરંતુ તે સાથે શહેરમાં જયાં અનેક માર્ગો પર વૃક્ષોની આસપાસ જે કયારા બનાવી સુરક્ષા આપવા છતાં તેમાંના અનેક વૃક્ષો પડી જવાથી કે જોખમી બનવાથી કાપી નાંખવાને કારણે તે કયારા ખાલી પડેલા છે તેમાં નવા વૃક્ષોના વાવેતરની વિચારણા હાથ ધરાય તેવી લોકલાગણી પ્રવર્તી રહેલી જોવા મળે છે.

શહેરમાં માર્ગ નં. ૫ સહિતના અનેક માર્ગો પર વૃક્ષોને સહારો મળી રહે તથા નગરની શોભા વધે તે રીતે જુના વૃક્ષોની આસપાસ મોટા કયારા અને ઓટલા બનાવાયા છે. આવા કયારા હોવા છતાં અનેક વૃક્ષો છેલ્લા બે ત્રણ વર્ષમાં આવેલા વાવાઝોડા તથા ઝંઝાવાતી વરસાદમાં પડી જવા પામ્યા હતા તેમજ કેટલાક વૃક્ષો સુકાઈને જોખમી બની જવાથી તેને હટાવવાની ફરજ પડી હતી. આ કારણોસર તે વૃક્ષોની આસપાસ બનાવાયેલા કયારા ખાલી પડવા પામ્યા છે. આવા ખાલી કયારાની સંખ્યા શહેરમાં નોંધપાત્ર છે તેથી તેવા કયારાનો ઉપયોગ આગામી વરસાદી સીઝનમાં નવા વૃક્ષોના વાવેતર માટે કરાય તેવું પ્રકૃતિ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે. સોશ્યલ મિડિયા પર શહેરના પ્રકૃતિ પ્રેમી નાગરિકો આ પ્રકારની માંગ કરતા જોવા મળી રહ્યા છે.

# વેકેશનમાં બાળકોનો વાંચન તરફનો રસ ઘટયો



● વાંચન એ માનવીના જીવન સંસ્કારનું ઉત્તમ પાયું છે. ત્યારે વર્તમાન સમયે મોબાઈલ અને ટીવીના યુગમાં વાંચનનું મહત્વ ઘટતું જઈ રહ્યું છે ત્યારે વાંચનની ટેવનો વિકાસ થાય તે વર્તમાન સમયમાં ખુબ જ જરુરી છે અને તેમાં પાયાનું કાર્ય સાર્વજનિક ગ્રંથાયલો દ્વારા થઈ શકે છે.

**- ડો. પંકજ ગોસ્વામી**
**ઈન્ચાર્જ ગ્રંથપાલ, સે-૧૭ સરકારી પુસ્તકાલય**

● ઈન્ટરનેટની સુવિધાના લીધે વાંચનની ટેવ ઘટતી ગઈ છે અને વિદ્યાર્થીઓ માત્ર પરીક્ષાલક્ષી (સ્પર્ધાત્મક પરીક્ષા) જ વાંચન કરે છે. અગાઉ વિદ્યાર્થીઓ અભ્યાસલક્ષી હતા. સમય જતા વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી બન્યા અને હાલમાં વિદ્યાર્થીઓ માત્ર પરિણામ લક્ષી છે. મારા મતે મોબાઈલનો ઉપયોગ ૨ થી ૫ ટકા જ કરવો. મોબાઈલના વાંચનથી વિદ્યાર્થીઓની યાદ શકિતમાં ઘટાડો થાય છે જયારે ફીઝીકલી પુસ્તક સ્વરૂપે કરેલું વાંચન લાંબો સમય સુધી યાદ રહે છે.



**- ડો. જયરામ દેસાઈ**
**ઈન્ચાર્જ ગ્રંથપાલ, સે-૨૧ સરકારી પુસ્તકાલય**

ગાંધીનગર, તા.૧૪

શાળા કોલેજોમાં વેકેશનનો




માહોલ ચાલી રહ્યો છે. શહેરના બાળકો અનેક ઈતર પ્રવૃત્તિઓમાં રજાના સમયમાં ભાગ લઈ રહ્યા છે. પહેલા રજાઓ પડે અને બાળકો લાયબ્રેરીમાં જઈ ચોપડીઓ વાંચતા અને અવનવી વાતો જાણવા માટે ચોપડીનો સહારો લેતાં. ઉખાણાં, જોકસ વગેરે વાંચતા પરંતુ હાલના દિવસોમાં આ વાત ભુલાઈ રહી છે. ટેકનોલોજી આગળ વધતા, સોશિયલ મિડીયાનો વપરાશ વધ્યો અને હવે બાળકોનો વાંચન તરફનો રસ પણ ઘટયો છે.

શહેર સ્થિત સરકારી પુસ્તકાલયોની મુલાકાત લેતા

**સરકારી પુસ્તકાલયમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓની સંખ્યા એટલી વધુ છે કે સામાન્ય નગરજનને બેસવા માટે જગ્યા મળી રહેતી નથી. પુસ્તકાલયમાં સંખ્યા વધતા વ્યવસ્થાપક દ્વારા વિદ્યાર્થીઓ માટે વધારાની વ્યવસ્થા કરી આપવામાં આવી છે છતાં વાંચવા માટે આવતા વિદ્યાર્થીઓનો ધસારો વધતો ને વધતો જ જાય છે. જેના લીધે પુસ્તકાલયની વ્યવસ્થા ખોરવાઈ રહી છે. અમુક વિદ્યાર્થીઓનું તો બપોરનું ટીફીન પણ લાયબ્રેરીની બહાર જ આવે છે. તેઓ સવારથી આવે તો છેક રાત્રે મોડા ઘરે જાય છે.**

જણાયું કે લાયબ્રેરીમાં જે સભ્યો છે તેઓ પુસ્તકની આપ-લે કરવા આવતા રહે છે પરંતુ પહેલાની જેમ વેકેશન પડતા નવા સભ્યો બનતા કે બાળકોનો ધસારો રહેતો તેવું હવે રહ્યું નથી. બાળકો માતા-પિતા કે દાદા-દાદી સાથે પુસ્તકાલયની મુલાકાતે આવે છે પરંતુ તેઓ નિયમિત વાંચવા આવતા હોય કે પુસ્તક લઈ જતા હોય તેવું રહ્યું નથી. સે-૧૭ની લાયબ્રેરીમાં કુલ ૪૫,૨૩૮ સભ્યો છે અને સે-૨૧માં ૧૩,૬૩૨ સભ્યો છે. વેકેશનમાં અનુક્રમે ૧૨૦ અને ૧૨ સભ્યો નવા બન્યા છે. લાયબ્રેરીમાં પણ પુસ્તકોની સંખ્યા ૮૦,૦૦૦ ની આસપાસ છે જેમાં ગુજરાતી-અંગ્રેજી-હિન્દી ભાષાના પુસ્તકોનો સમાવેશ થાય છે. લાયબ્રેરીમાં આરએફઆરડી સુવિધા દાખલ કરવામાં આવી છે તથા સ્માર્ટકાર્ડ ઈશ્યુ કરાય છે જેથી સભ્યો પોતે જ પુસ્તક ઈશ્યુ કરીને જમા કરી લે છે. ટેકનોલોજીના ઉપયોગની સાથે બાળકો પુસ્તક વાંચતા નથી અને જો વાંચે તો ડીજીટલ એપ્લીકેશન દ્વારા પુસ્તક વાંચે છે જેથી તેમને ભણવાના પુસ્તક સિવાય બીજા વિષયોના પુસ્તકનું જ્ઞાન વધુ રહેતું નથી. ફીઝીકલી પુસ્તક વાંચવા પ્રત્યે હવેની પેઢી એટલી સજાગ પણ નથી.